# સે-૨૮ના બગીચામાં પ્રેમી યુગલે સ્યુસાઈડ કર્યું : અફવા વોટસએપ પર વાઈરલ થઈ

## ગાંધીનગર આસપાસના ગામો સાથે શહેર પણ અફવા બજારની ગિરફતમાં! વોટસએપ પર ફોટા ફરતા થયા

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર અફવાઓની ગિરફતમાં આવી ગયું છે. આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં ચોર લુંટારાઓની ટોળકી ફરતી હોવાની તથા કથિક વાતો અને તર્ક વિતર્કો સાથે રોજબરોજ નવા નવા પડીકા આવે છે. શહેરમાં



પણ હવે અફવા બજારની અસર વર્તાઈ રહી છે. સે-૨૮ના બગીચામાં આજે એક કપલે સ્યુટાઈડ કર્યું હોવાની અફવા ફોટા સાથે વોટસએપમાં વાઈરલ થતા તરેહ તરેહની ચર્ચાએ જોર પકડયું હતું.જો કે આ મામલે સ્થાનિક પોલીસ સુત્રોએ ઘટનાને નકારી કાઢી.

ગાંધીનગર જેવા શિક્ષિત શહેરમાં અફવા બજાર ધમધમી રહ્યું છે. સમગ્ર જિલ્લો અફવાઓની ગિરફતમાં આવી ગયો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. જેના લીધે અફવાથી અજાણ નાગરિકોમાં ભયની લાગણી વ્યાપી છે. શહેરી વિસ્તારની આસપાસના ગામોમાં ચિત્ર વિચિત્ર ઘટનાઓ બનતી હોવાની વાત વાયુવેગે પ્રસરતા રોજબરોજ નીતનવી વાતો ચર્ચાનો વિષય બને છે. જિલ્લા પોલિસ વડાએ પણ આસપાસના ગામોમાં ચોર લુંટારાઓની ગેંગ ફરતી હોવાના મામલે અફવાઓનું જોર હોવાનું સ્પષ્ટ જણાવી દીધું છે. જયારે આજે શહેરી વિસ્તારમાં પણ નવી રૂમરે સૌને ચર્ચાના ચગડોળે ચઢાવ્યા હતા. સે-૨૮ના બાલોદ્યાનમાં કપલે સ્યુસાઈડ કર્યું હોવાના પિકચર્સ વોટસએપ પર વાયરલ થયા હતા. જો કે તપાસના અંતે આ વાત ખોટી હોવાનું પ્રકાશમાં આવ્યું છે. સ્થાનિક પોલીસે પણ આવી કોઈ ઘટના બની ન હોવાનું જણાવ્યું છે. દિનપ્રતિદિન અફવાઓનું જોર વધતા જનજીવન ગેરમાર્ગે દોરવાય છે. ભયથી પ્રભાવિત નાગરિકો સલામતીના મામલે ચિંતિત બન્યા છે ત્યારે અફવાઓથી દૂર રહેવાની તાતી અનિવાર્યતા છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

જોખમી સવારી - શહેરના વિશાળ અને સરસ માર્ગો પર યુવાનીનું જોમ અને જુસ્સો તસવીરમાં દેખાય છે... પરંતુ ક્યારેક સવારી જોખમી બને છે... મસ્તી અને અટકચાળા ક્યારેક હાલાકી સર્જે છે...

# ગાંધીનગર-અમદાવાદ રૂટની ૨૫ બસો વાયા ચાંદખેડા દોડાવવામાં આવશે

## વિટકોસની સામે વાંધો દાખવતા એસ ટી તંત્ર દ્વારા વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે ખાસ આયોજન

ગાંધીનગર તા ૧

ગાંધીનગરથી ચાંદખેડા જતા મુસાફરોને ધ્યાને લઈ અસ ટી તંત્ર દ્વારા દર અડધો કલાકે બસ સેવા ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.પ્રતિદિન ૨૫ જેટલી અમદાવાદ રૂટની બસો વાયા ચાંદખેડા અડાલજ થઈને દોડે તેવું આયોજન કરવામાં આવ્યુ છે. જેથી હવે ચાંદખેડાના રૂટની બસ સેવા માટે મુસાફરોએ ફાંફાં નહી મારવા પડે.

ગાંધીનગર અમદાવાદ વચ્ચે રોજબરોજ હજારો મુસાફરો અપડાઉન કરે છે. જયારે અમદાવાદ રૂટના મુસાફરોને સમયસર બસસેવા મળે તે માટે એસ ટી તંત્ર દ્વારા યોગ્ય આયોજન પણ કરવામાં આવ્યુ છે. જયારે થોડા સમય અગાઉ જ એસ ટી નિગમ દ્વારા ડ્રાઈવર કંડકટરો માટે ૨૦૦ કિમી ફરજિયાત કરી દેવાતા એસ ટી ની આવક વધવાની સાથે મુસાફરોને પણ અસરકારક બસ સેવા ઉપલબ્ધ થાય તેવું આયાજન કરવામાં આવ્યુ છે. જયારે છેલ્લા કેટલાક સમયથી ગાંધીનગર થી ચાંદખેડા જવા માટે મુસાફરોને એસ ટી બસ સેવા ઉપલબ્ધ ન થતી હોવાનો આક્રોશ પ્રબળ બન્યો હતો. જયારે વિટકોસ દ્વારા મંજુરી વિના આ રૂટમાં બસ દોડાવાનું શરૂ કરી દેવાતા એસ ટી નિગમ દ્વારા વાંધો ઉઠાવવામાં આવ્યો હતો.

આ સઘળી સ્થિતિને ધ્યાને રાખી એસ ટી તંત્ર દ્વારા અમદાવાદ રૂટની બસો ચાંદખેડા તેમજ વાયા અડાલજ થઈને દોડાવવા નિર્ણય લેવાયો છે. જેના લીધે મુસાફરોને હવે દર અડધો કલાકે ચાંદખેડા જવાની બસ સેવા મળી રહેશે. એસ ટી તંત્ર દ્વારા રોજ આ રૂટમાં ૨૫ જેટલી બસો દોડાવાનું આયોજન કરવામાં આવ્યુ છે. એસ ટી તંત્ર દ્વારા મુસાફરો માટે શરૂ કરાયેલી આ સેવાના લીધે નગરજનોની હાલાકીનો અંત આવશે. જયારે ચાંદખેડા રૂટ માટે ખાનગી વાહનોનો સહારો નહિ લેવો પડે.

# શહેરના સેકટરોમાં અજવાળુ થાય બાદ કલાક સુધી પણ સ્ટ્રીટ લાઈટો બંધ થતી નથી

## નવા સેકટરોમાં પણ કેટલાક ઠેકાણે લાઈટો ડુલ છે : જયારે સે-૨ સહિતના વિસ્તારોમાં લાઈટો બંધ થતી જ નથી

ગાંધીનગર તા ૧

શહેરમાં વરસાદી વાયરાના અંતે સપ્તાહ બાદ પણ ઘણા સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો બંધ રહેતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જયારે નવા સેકટરોમાં શેરીઓમાં સવારે અજવાળુ થયા બાદ પણ સ્ટ્રીટ લાઈટો કલાકો સુધી ચાલુ જોવા મળે છે. સ્ટ્રીટ લાઈટોની જાળવણી તેમજ વીજ બીલની તગડી રકમ ચુકવવા સરકાર દ્વારા પ્રતિવર્ષ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. જયારે વિજ બીલના મામલે જવાબદાર તંત્ર દ્વારા જ જરૂરી તકેદારી ન લેવાતા આમ નાગરિકોમાં રોષ પ્રવર્તયો છે. સેકટર ૨ માં પણ મોડે સુધી સ્ટ્રીટ લાઈટો ચાલુ રહે છે.

શહેરમાં સ્ટ્રીટ લાઈટની જાળવણીના મામલે ટોરેન્ટ પાવરને હવે કોઈ રસ ન રહયો હોવાનું સ્પષ્ટ થઈ ગયું છે. જયારે ટોરેન્ટ કક્ષાએથી આ જવાબદારીમાંથી મુકત થવા અગાઉ સરકારને દરખાસ્ત પણ કરી દીધી છે.

શહેરમાં હજારો સ્ટ્રીટ લાઈટના થાંભલાની જાળવણી અને વિજબીલ પાછળ સરકાર દ્વારા પ્રતિવર્ષ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. જયારે ટોરેન્ટે આ જવાબદારીમાંથી હાથ ઉંચા કરી દેવાની નિતી અપનાવતા સરકાર માટે પણ નવી એજન્સી શોધવાનો વારો આવ્યો છે. સેકટરોમાં સ્ટ્રીટ લાઈટની યોગ્ય જાળવણી ન થતી હોવાના મામલે અનેક ફરિયાદો ઉઠવા પામે છે. સેકટરોમાં કંગાળ ભાસતા સ્ટ્રીટ લાઈટના પોલ્સ જોણે માત્ર જાહેરાતનું માધ્યમ બની ગયા છે. આવા સંજોગોમાં વરસાદી ઋતુ દરમિયાન સેકટરોમાં વારંવાર અંધારપટ્ટ છવાઈ જાય છે. જેથી આમ નાગરિકોએ ભયના માહોલ વચ્ચે હાલાકી ભોગવવી પડે છે.

બીજીતરફ કેટલાક ઠેકાણે સવારે અજવાળુ થયા બાદ પણ કલાકો સુધી લાઈટો બંધ થતી નથી. નવા સેકટરોમાં પણ આવી જ સ્થિતિ છે.તંત્ર દ્વારા પણ આ મામલે કોઈ દરકાર ન લેવાતા વિજ બિલનું ભારણ વધતુ હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે. આ મામલે તંત્ર કક્ષાએથી યોગ્ય અભ્યાસ હાથ ધરી બંધ પોલ્સ ચાલુ કરવા ઉપરાંત સમયસર લાઈટો બંધ થાય તેવી વ્યવસ્થા કરવા પણ સુર ઉઠવા પામ્યો છે.

# સરકારી એન્જિનિયરીંગ કોલેજોમાં સિવિલ તેમજ મિકેનિકલના વિદ્યાર્થીઆને સ્થાન નહિ

## નગરની સરકારી કોલેજોમાં સિવિલ તેમજ અને મિકેનિકલ ફેકલ્ટીમાં જગ્યા ન ફળવાતા વિદ્યાર્થીઓએ ખાનગી કોલેજોમાં ઉંચી ફી ચુકવવી પડે છે

ગાંધીનગર તા ૧

ગાંધીનગરની સરકારી એન્જિનિયરીંગ તેમજ પોલીટેકનિક કોલેજોમાં સિવિલ અને મિકેનિકલ ફેકલ્ટીમાં જગ્યા ન ફળવાતા વિદ્યાથીઓને સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં વધુ ફી ચુકવી અભ્યાસ કરવાની ફરજ પડે છે. જયારે શહેરના વિદ્યાર્થીઓને બહાર ભણવા જવુ પડે છે. શહેરમાં એક સરકારી એન્જિનિયરીંગ તેમજ એક પોલીટેકનિક કોલેજ કાર્યરત છે.નવા વિદ્યાર્થીઓ માટે પ્રશ્ન ઉભો થયો છે.

ગાંધીનગરમાં વર્ષ ૧૯૯૧ થી એન્જિનિયરીંગ અને પોલિટેકનિક કોલેજ કાર્યરત છે. જયારે વર્ષોના અંતે પણ સરકારી કોલેજોમાં સિવિલ તેમજ મિકેનિકલ ફેકલ્ટીમાં જગ્યા ન ફળવાતા વિદ્યાર્થીઓને અભ્યાસ માટે બહાર લાંબા થવુ પડે છે.ગુજરાતમાં ૩૦ એન્જિનિયરીંગ તેમજ ૧૦ પોલિટેકનિક કોલેજો છે. જે અન્વયે મિકેનિક ફેકલ્ટીમાં ૧૨૦૦ અને સિવિલમાં ૯૬ જેટલી સીટ આપવામાં આવી છે.જયારે ગાંધીનગરમાં એક જ સરકારી પોલિટેકનિક તેમજ ઈજનેરી કોલેજ છે. આમછતા શિક્ષણ વિભાગ દ્વારા નગરની એકમાત્ર સરકારી કોલેજને મિકેનિકલ તેમજ સિવિલ ફેકલ્ટીમાં જગ્યા અપાતી નથી. ગાંધીનગર અમદાવાદ તેમજ સુરત સહિતના શહેરમાં આવી જ સ્થિતિ છે. નગરની સરકારી કોલેજોમાં વિદ્યાર્થીઓને અભ્યાસની તક ન મળતા છાત્રોએ ભણવા માટે બહાર જવુ પડે છે.નગરના વિદ્યાર્થીઓએ શહેરમાં સરકારી કોલેજ હોવા છતા સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં પ્રવેશ મેળવવો પડે છે. જયારે વધુ ફી ચુકવી ખાનગી કોલેજોમાં ભણવાની ફરજ પડે છે. નગરના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે ઘર આંગણે જ ફાંફે ચઢવાનો વારો આવ્યો છે.

# બે-ત્રણ દિવસમાં મેઘરાજાની પુનઃ પધરામણી થશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યું છે કે ચોમાસુ હવે ધીમે ધીમે સક્રિય બની રહ્યું છે. આગામી તા. ૩ થી ૭ જુલાઈ દરમિયાન ગુજરાતના ઘણા ભાગોમાં વરસાદ થશે.

તા. ૨૨ જુને સુર્ય આદ્રા નક્ષત્રમાં આવતા દરિયામાં ડીપ ડીપ્રેશન સર્જાતા તા. ૨૪મીએ દેશના પશ્ચિમ કાંઠે સૌરાષ્ટ્રના દરિયાકિનારે પારાવાર વરસાદ થવામાં હતો. રાજયના ભાગોમાં પણ વાવણીલાયક વરસાદ થવામાં હતો પરંતુ હજુ ઘણા ભાગોમાં વાવણીલાયક વરસાદ નથી. આથી ખેડૂત ભાઈઓ વરસાદની રાહમાં છે. અનુરાધાનો શનિ ઘણી વખત વરસાદના રાઉન્ડમાં અનિશ્ચિતતા સર્જતો જોવા મળે છે. અને વરસાદ થાય તો એકાએક પણ થઈ જતો હોય છે. જૂન તા. ૨૯મીથી નીરનીરંતર ચોમાસાના લક્ષણો જણાયા છે. આકાશમાં કાળા ડીબાંગ વાદળો છવાઈ જાય છે પરંતુ વરસાદ થતો નથી.

ભૌગોલિક બાબતો, ગ્રહ યોગો તેમજ અન્ય આધારે જોતા જુલાઈ તા. ૩ થી વરસાદી હવામાન ઉભુ થવાની શકયતા રહેલી છે. આ પુનમે પણ વાદળોનો જમાવડો જોવા મળે જયારે તા. ૩ થી ૭માં દક્ષિણ ગુજરાતના ભાગો, મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્રનો દરિયા કનારો અને દરિયાકિનારાના ભાગોમાં વરસાદી સંજોગો ઉભા થઈ શકે. જુલાઈ તા. ૫ થી ૧૧ સુધીમાં ઉત્તર ગુજરાતના ભાગો, બનાસકાંઠા તેમજ સાબરકાંઠાના ભાગોમાં અને મહેસાણાના ભાગોમાં વરસાદ થવાની શકયતા રહે.



ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ૧૮૧ અભયમ્ અને તબીબી અધિકારીઓ દ્વારા આજે ડૉક્ટર્સ ડે ની ઉજવણી નિમિત્તે કેક કાપી ઉજવણી કરાઈ હતી તે પ્રસંગે લેવાયેલ તસવીર.

# વડીલોને પેન્શન માટે લાઈનોમાં ઉભા રહેવામાંથી મુક્તિ અપાવવી જોઈએ

## દર માસની ૧લીથી ૧૦મી તારીખ સુધી ઘસારો વધુ હોય છે, તે દરમ્યાન પોસ્ટઓફિસ કે બેંકમાં વધારાના કાઉન્ટરની વ્યવસ્થા કરાય તો વયોવૃદ્ધ પેન્શનર્સ માટે આશિર્વાદરૂપ બને

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર એક કર્મચારીનગર છે જેના કારણે નગરમાં પેન્શનરોની અને બેંકમાં પહોંચી જાય છે. આ તારીખોમાં પેન્શન લેવા હંમેશા ઘસારો રહેતો હોવા છતાં પોસ્ટઓફિસ કે પડે છે. જો માત્ર માસના પ્રારંભિક ત્રણ ચાર દિવસ માટે વધારાના કાઉન્ટરની સગવડ કરાય તો આ વડીલો માટે



(તસવીર : કશ્યપ નિમાવત)

સંખ્યા પણ ખૂબ મોટા પ્રમાણમાં વસે છે. દર મહિનાની ૧લી તારીખથી ૧૦મી તારીખ દરમ્યાન આ પેન્શનર્સ તેમનું પેન્શન લેવા માટે પોસ્ટ ઓફિસ બેંકમાં ટેમ્પરરી પણ વધારાના કાઉન્ટરની વ્યવસ્થા કરાતી નથી. જેના કારણે સિનિયર સિટીઝન પેન્શનરોને લાંબા સમય સુધી લાઈનોમાં ઉભુ રહેવુ આશિર્વાદરૂપ સાબિત થાય.

સામાન્ય રીતે પોસ્ટ ઓફિસ કે બેંકમાં દરેક કાર્ય માટે એક કાઉન્ટરની

● અનુસંધાન પાન-૭ પર

# પેથાપુરની કોલેરામાં સપડાયેલી શ્રમજીવી મહિલાની કિડની ફેલ થતાં મૃત્યુ પામી

## વાસણા રાઠોડમાંથી પણ વધુ ચાર સાદા ઝાડાના કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેર નજીક પેથાપુરની શ્રમજીવી મહિલા જે કોલેરામાં સપડાઈ હતી તેની કિડની ફેઈલ થતાં તેણીનું સારવાર દરમ્યાન મૃત્યુ નીપજ્યું છે.

મળતી વિગતો પ્રમાણે કોલેરાની સારવાર પછી તેણીની તબિયતમાં સુધારો થયો હતો. જો કે આ પછી તેણીની કિડનીની જુની બિમારીનો હુમલો થતાં તેણીનીનું સારવાર દરમ્યાન મૃત્યુ નીપજ્યુંછે. દરમ્યાન વાસણા રાઠોડ ગામે આજે તંત્રએ કરેલા સઘન સર્વેલન્સ દરમ્યાન ૪ જેટલા સાદા ઝાડાના કેસ મળી આવ્યા હતા જે પૈકી ૧ દર્દીને સારવાર માટે દહેગામ આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેની તબિયત સુધરતાં રજા આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં પાણીજન્ય રોગચાળાએ જે રીતે માથુ ઉંચક્યુ છે તેને લઈ તંત્રની મુંઝવણ વધી જવા પામી છે. આરોગ્ય તંત્રએ દરેક ગામના સરપંચોને પત્ર લખી પાણીના નિયમિત ક્લોરીનેશન માટે કડક તાકીદ કરી છે.


વાલમ બ્રાહ્મણ બેસણું



અમારા સુપુત્ર સ્વ. કેપ્ટન વત્સલ પ્રકાશકુમાર ઉપાધ્યાય કોલંબિયા ખાતે વિમાની દુર્ઘટનામાં તા.૨૫-૬-૨૦૧૫ને ગુરૂવારના રોજ અક્ષરનિવાસી થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૨-૭-૨૦૧૫ને ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૭ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ, સેક્ટર-૭, ગાંધીનગર

જશુમતીબેન મુગટલાલ ઉપાધ્યાય (દાદી) | નયનકુમાર મુગટલાલ ઉપાધ્યાય (કાકા)
પ્રકાશકુમાર મુગટલાલ ઉપાધ્યાય (પિતા) | મિનાક્ષી નયનકુમાર ઉપાધ્યાય (કાકી)
યોગેશ્વરી પ્રકાશકુમાર ઉપાધ્યાય (માતા) | પુનિતા યોગેશકુમાર જોષી (ફોઈ)
એંજલ વત્સલ ઉપાધ્યાય (પત્નિ) | યોગેશકુમાર વસંતરાય જોષી (ફુઆ)
ચિન્મય પ્રકાશકુમાર ઉપાધ્યાય (ભાઈ) | શાલીન-શ્વેતા, પ્રણવ-મીના, આદિત્ય, પ્રહરી

મોસાળ પક્ષનું બેસણું ઉપરોક્ત સમયે અને સ્થળે રાખેલ છે

જગદીશકુમાર સકળચંદ શાહ (મામા), વીણાબેન જગદીશકુમાર શાહ (મામી)



લવિંગ-ફુદિનાનાં સ્વાદથી સમૃદ્ધ દુનિયાનું સૌ પ્રથમ હર્બલ ધુમપાન જે આપનાં માટે ફાયદાકારક છે

Nirdosh

દરેક જાણીતા મેડીકલ સ્ટોર્સ પર તથા પાન પાર્લર પર ઉપલબ્ધ.

ગાંધીનગરના વિક્રેતાઓ : જય આયુર્વેદિક સ્ટોર્સ-સેક્ટર-૨૪, +૯૧ ૯૪૨૮૩૫૧૮૨૧ ● ગાંધીનગર આયુર્વેદિક સ્ટોર્સ - મીના બજાર - +૯૧ ૯૭૨૬૬૩૭૨૧૦ ● સંજીવની આયુર્વેદિક - કુડાસણ રોડ - +૯૧ ૯૪૨૭૨૧૮૮૨૨/૯૪૨૮૨૭૭૪૭૦ ● વેલ કેર આયુર્વેદિક એન્ડ કોસ્મેટીક - સેક્ટર-૬/ડી, +૯૧ ૯૮૭૯૩૪૮૦૪૮ ● રાજ આયુર્વેદિક એજન્સી-સેક્ટર-૨૯ - + ૯૧ ૯૪૨૬૫૭૯૮૫૧ ● અંબિકા આયુર્વેદિક એજન્સી-ઘ-૫ સર્કલ, સેક્ટર-૨૨- +૯૧ ૯૯૭૯૨૬૫૩૭૫.



ADITYA BIRLA GROUP

લીકેજ-મુક્ત ઘરો માટે

UltraTech SEAL & DRY Total Waterproofing Solution

Waterproofing ka champion

શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ

એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર

કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.

મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.



૮૭ કાઉન્ટર સાથે એન્જિનિયર્સ અને બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ

UltraTech CEMENT The Engineer's Choice

KAMDHENU STEEL

STEEL TIGER

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ ESTD. 1983

કૈલાસ ટ્રેડર્સ (લોદ્રાવાળા)

● ગોડાઉન : ખ-૨ ચોકડી, સે.૪સી કોર્નર ●

મોબાઈલ : ૯૯૯૮૪૭૩૨૦૦, ૯૮૨૫૯ ૪૭૮૭૮, ૨૩૨ ૨૩૮૦૧



SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર. ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૯, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૯૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com